નવગુજરાત સમય, પાના નંબર :- ૧૦
તારીખ :- ૦૮/૦૫/૨૦૨૬

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ગાંધીનગરથી રાણીપ મેટ્રોમાં મુસાફરી



**ગાંધીનગરઃ** ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની સાદગીપૂર્ણ જીવનશૈલીની વધુ એક ઝલક લોકોને જોવા મળી છે. આજરોજ રાજ્યપાલે ગાંધી આશ્રમ પુનરુદ્ધાર યોજનાની સમીક્ષા અર્થે સચિવાલય મેટ્રો સ્ટેશનથી રાણીપ સુધી મેટ્રો મુસાફરી કરી હતી. રાજ્યપાલ ગાંધીનગરના સચિવાલય મેટ્રો સ્ટેશને સામાન્ય મુસાફરની જેમ લાઈનમાં ઉભા રહીને જાતે ટિકિટ ખરીદીને પ્લેટફોર્મ પર પહોંચ્યા હતા. ત્યારબાદ તેઓએ અન્ય મુસાફરોની સાથે મેટ્રોમાં મુસાફરી કરી હતી. રાજ્યપાલ મેટ્રોમાં મુસાફરી કરતા હોવાની જાણ થતા જ અન્ય મુસાફરોમાં કૂતુહલ સર્જાયું હતું. મેટ્રોમાં મુસાફરો સાથે સહજ સંવાદ કરી રાજ્યપાલ મુસાફરીમાં સહભાગી બન્યા હતા. તેમણે મેટ્રોમાં મુસાફરી વિશે લોકોના અનુભવો જાણ્યા હતા. લોકોએ રાજ્યપાલ સાથે ફોટો પડાવીને પોતાની સફરને જીવનભર માટે યાદગાર બનાવી હતી.